# 9. ઇ.સ. 1857નો સ્વાતંત્ર્યસંગ્રામ

## સ્વાધ્યાય

### 1. ટૂંકમાં જવાબ આપો :

**1) ઇ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામના ઉદ્દ્ભવનાં મુખ્ય કારણો કયાં હતા ?**

- અંગ્રેજ સરકાર દ્વારા ભારતના જુદા જુદા વર્ગોની આર્થિક પાયમાલી, રાજકીય અન્યાયો, ભારતની સામાજિક વ્યવસ્થાની અવગણના, ધર્મમાં દાખલ, હિંદી સિપાઈઓનો અસંતોષ વગેરે ઇ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામના ઉદ્દ્ભવનાં મુખ્ય કારણો હતાં.

**2) ઇ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામના મુખ્ય આગેવાનો કોણ હતા ?**

- મોગલ બાદશાહ બહાદુરશાહ ઝફર, નાનાસાહેબ પેશ્વા, તાત્યા ટોપે, જાગીરદાર કુંવરસિંહ, ઝાંસીનાં મહારાણી લક્ષ્મીબાઈ, અવધના નવાબ વાજીદઅલીશાહની બેગમ હજરતમહાલ, રંગો બાપુજી , અજીમુલ્લાખાન વગેરે ઇ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામના મુખ્ય આગેવાનો હતા.

**3) સ્વાતંત્ર્યસંગ્રામનું શું પરિણામ આવ્યું ?**

- સ્વાતંત્ર્યસંગ્રામનાં પરિણામ :
- ભારતમાં કંપનીના શાસનનો અંત આવ્યો ઇંગ્લૅન્ડની સરકારનું શાસન સ્થપાયું.
- અંગ્રેજ સરકારે દેશી રાજ્યોની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવાનું બંધ કર્યું.
- અંગ્રેજ સરકારે તેની આર્થિક અને સામાજિક નિતીમાં પરિવર્તન કર્યું. અંગ્રેજ સરકારે હિંદુઓ અને મુસ્લિમોની ધાર્મિક બાબતોમાં માથું નહિ મારવાની નિત્તિ અમલમાં મૂકી.
- ભારતના લોકોમાં રાષ્ટ્રીય જાગૃતિનાં બી રોપ્યા અને લોકોમાં રાષ્ટ્રવાદની ભાવના પેદા થઈ.

### 2. એક-બે વાક્યમાં જવાબ આપો :

**1) લશ્કરમાં હિન્દી-અંગ્રેજી સૌનિકોનું પ્રમાણ કેટકેટલું હતું ?**

- લશકરમાં હિંન્દી અને અંગ્રેજ સૌનિકનું પ્રમાણ 6 : 1 હતું.

**2) 1857ના સંગ્રામનું તાત્કાલિક કારણ કયું હતું ?**

- ભારતીય લશ્કરમાં નવી દાખલ કરાયેલી એન્ફિલ્ડ રાઈફલ ઇ.સ. 1857 ના સ્વાતંત્ર્યસંગ્રામનું તાત્કાલિક કારણ હતું.

**3) 1857ના સંગ્રામમાં પ્રથમ શહીદ કોણ હતું ?**

- 1857ના સ્વાતત્ર્યસંગ્રામનો પ્રથમ શહીદ મંગલ પાંડે હતા.

**4) દિલ્લીના છેલ્લા મુઘલ બાદશાહ કોણ હતા ?**

- દિલ્લીના છેલ્લા મોગલ બાદશાહ બહાદુરશાહ ઝફર હતા.

**5) કુંવરસિંહ કઈ રીતે વીરગતિ પામ્યા ?**

- જગદીશપુરના જાગીરદાર કુંવરસિંહ 70 વર્ષની ઉંમરે એક નવયુવાનની જેમ અંગ્રેજ લશ્કર સામે વીરતાપૂર્વક લડ્યા. યુદ્ધમાં લડતાં લડતાં જીવલેણ ઘા વાગવાથી કુંવરસિંહ એપ્રિલ, 1858માં વીરગતિ પામ્યા.

**6) નાનાસાહેબની વિશ્વાસપાત્ર વ્યક્તિ કોણ હતી ?**

- તાત્યા ટોપે નાનાસાહેબની વિશ્વાસપાત્ર વ્યક્તિ હતી.

**7) ખેડા જિલ્લામાં સંગ્રામની આગેવાની કોણે લીધી હતી ?**

- ખેડા જિલ્લાના આણંદના મુખી ગરબડદાસ પટેલે ખાનપુર ઠાકોર જીવાભાઈના સહયોગથી 2000 માણસોને એકઠા કરી, અંગ્રેજો સામે સંગ્રામ શરૂ કર્યો હતો.

**8) તાત્યા ટોપે ગુજરાતના કયા જિલ્લામાં રોકાયા હતા ?**

- તાત્યા ટોપે ગુજરાતના નવસારી જિલ્લામાં રોકાયા હતા.

**9) ઉત્તર ગુજરાતમાં કયા કયા સ્થળે સંગ્રામ થયો હતો ?**

- ઉત્તર ગુજરાતનાં અમદાવાદ, આણંદ, ગોધરા, દાહોદ, રાજપીપળા, પાટણ, ખેરાલુ, વિજાપુર, મુડેટી, ચાંદુપ વગેરે સ્થળોએ સ્વાતંત્રસંગ્રામ થયો હતો.

## 3. ખાલી જગ્યા પૂરો :

**1) ઈ.સ. 1857માં ભારતના લશ્કરમાં ........... રાઈફલ દાખલ કરવામાં આવી.**

- એન્ફિલ્ડ

**2) જગદીશપુરના જાગીરદાર ............. એ સંગ્રામની નેતાગીરી લીધી હતી.**

- કુંવરસિંહે

**3) કાનપુર મુક્તિ માટેની સેનાનું સેનાપતિનું પદ .............. એ કુનેહપૂર્વક સંભાળ્યું હતું.**

- તાત્યા ટોપે

**4) ઝાંસીની રાણી .............. એ 1857ના સંગ્રામમાં અંગ્રેજો સામે લડત આપી.**

- લક્ષ્મીબાઈ